# ઝઘડીયા GIDCમાં પર્યાવરણ પખવાડિયાની ઉજવણી



ઝઘડીયાની ડીસીએમ શ્રી રામ અલ્કલી એન્ડ કેમિકલ કંપની દ્વારા પર્યાવરણ દિન નિમિતે પર્યાવરણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી. જીપીસીબીના આર.ઓ આર.બી.ત્રિવેદીની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં ઝઘડીયા ઈન્ડસ્ટ્રીયલ એસોસીએસનના અધિકારીઓ ઉપરાંત અન્ય કંપનીઓના પ્રતિનિધિઓ, આજુબાજુના ગામોના સરપંચ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.યુનિટ હેડ કે.આર વૈદ્ય દ્વારા કંપની દ્વારા પર્યાવરણની જાળવણી માટે લેવામાં આવતા વિવિધ પગલાંઓ વિશે માહિતી આપી હતી.